પ્રાંતિજ પોલીસે ચોરી લુંટનો ભેદ ઉકેલી આરોપીઓને જેલ ભેગા કર્યા

બે આરોપીઓની અટકાયત કરી રીક્ષા, મોબાઈલ, એલ ઈ ડી ટીવી, બાઈક કબ્જે કર્યું : કુલ-૧,૦૩,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો

પ્રાંતિજ તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસે ચોરી લુંટ ના ૧૦૩,૫૦૦ ના મુદ્દામાલ સાથે બે આરોપીઓને પ્રાંતિજ પોલીસે પકડી જેલ ભેગા કરી ત્રણ ગુનાઓનો ભેદ ઉકેલ્યો .

સાબરકાંઠા જિલ્લામાં ઘર ફોડ ચોરી તથા લુંટ ના ગુનાઓને ડામવા તથા ચોરી ના ગુનાઓને શોધી કાઢવા માટે સાબરકાંઠા પોલીસ અધિક્ષક ચૈતન્ય રવિન્દ્ર મંડલીક તથા નાયબ પોલીસ અધિક્ષક કે.એચ.સૂર્યવંશી ની સુચના ઓથી સાબરકાંઠા જિલ્લામાં બનતા ચોરી ના ગુનાઓને રોકવા તથા ગુન્હાઓ શોધી કાઢવા તથા ગુનાઓ અટકાવવા સુચના કરવામાં આવી હતી જેને લઈને પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સ્પેકટર કે.એસ.બ્રહ્મભટ્ટ ના માર્ગ દર્શન હેઠળ પ્રાંતિજ પીએસાઈ એ.વી.જોષી, પ્રાંતિજ પીએસાઈ કે.એસ.ચાવડા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ માનસિંહ મનવંતસિંહ, હેડ કોન્સ્ટેબલ દેવજીભાઈ નરસિંહભાઈ, પોલીસ કોન્સ્ટેબલ કિરીટસિંહ રજનીકાન્તસિંહ, પોલીસ કોન્સ્ટેબલ અશોકભાઈ બાપુભાઈ, પોલીસ કોન્સ્ટેબલ જગદીશભાઈ છગનભાઈ, પોલીસ કોન્સ્ટેબલ મહેશભાઈ વાલજીભાઈ, ગફુરભાઈ વરવાભાઈ સહિત ની સ્ટાફ ની અલગ અલગ ટીમો બનાવી રાત્રી ના પેટ્રોલિંગ માં હતાં તે દરમ્યાન ખાનગી બાતમીના આધારે સાદોલીયા ગામના પાટીયા નજીક ટીમ રેકીમા હતા તે દરમ્યાન એક મોટર સાયકલ શંકાસ્પદ લાગતાં પોકેટકોપ મોબાઈલ થી ચેક કરતાં તથા તેના ચાલક ની પુછપરછ કરતા કોઈ સંતોષ કારક જવાબ ના મળતા બાઈક ચાલક તથા તેની પાછળ બેઠેલ ઈસમ ને વધુ પુછપરછ માટે ૪૧(૧) ડી મુજબ અટકાયત કરી પુછપરછ દરમ્યાન બન્ને ઈસમો એ ચોરી લુંટ ની કબુલાત કરતા ચોરી લુંટ સહિત ની ત્રણ ગુનાઓનોની

કબુલાત કરતા બન્ને આરોપીઓ પાસેથી પ્રાંતિજ પોલીસે પ્રાંતિજ ના દલપુર પાસે થી રીક્ષા જેની કિંમત-૭૫૦૦૦ ની લુંટ કરી હોવાનું કબુલ્યુ હતું તો રીક્ષા ચાલક નો મોબાઈલ જેની કિંમત-૩,૦૦૦ તથા પીપલોદી ગામેથી ચોરેલ બાઈક જેની કિંમત- ૧૬૦૦૦ તથા સાદોલીયા પાસેથી એલ ઈ ડી ટીવી જેની કિંમત ૯૫૦૦ મળી કુલ ૧૦૩,૫૦૦ ના મુદ્દામાલ સાથે મનુસિહ ઉર્ફે જીલો જગતસિંહ પરમાર રહે.દલપુર તા. પ્રાંતિજ તથા કેતન તે ગલબાજી કોદરજી મકવાણા નો પાલક પુત્ર રહે. દલપુર તા.પ્રાંતિજ ની અટકાયત કરી કાયદેસર ની કાર્યવાહી હાથધરવામા આવી હતી.

કાંકરેજ તાલુકાની બનાસ નદી પટમાં બેફામ રેતીની તસ્કરી

બે નંબરમા રોયલ્ટી પાસ વેચવાનો ધંધો જોરદાર ચાલી રહ્યો છે અને અધિકારી ઓ આંખ આડા કાન કરી હાથ પર હાથ લાઈ બેઠા છે

કાંકરેજ, તા. ૩૦

કાંકરેજ તાલુકા મા રોયલ્ટી પાસ મા પણ મોટું કૌભાંડ ચાલે છે એક રોયલ્ટી પાસ કાઢી ને એ પાસ ડબલ વખત વેચાણ થાય છે, વધુ મા જે સ્ટોક ધારકો અને લીજ હોલ્ડરો આ રોયલ્ટી પાયસ બે નંબર મા વેચાણ કરે છે,તે પણ મોટા લીજ હોલ્ડરો અને ભૂસ્તર વિભાગ ના જવાબદાર અધિકારી ઓ ની પણ મિલી ભગત હોવા નું ચર્ચાય છે,કાંકરેજ તાલુકા મા લીજ ધારકો અને સ્ટોક માલિકો રોયલ્ટી પાસ નું મોટું કૌભાંડ ચલાવી રહયા છે,અને રોયલ્ટી પાસ બે નંબર મા સ્ટોક મા વેચાણ કરેછે આ રોયલ્ટી પાસ નું બે નંબર નું કરોડો નું કૌભાંડ કાંકરેજ તાલુકા મા અને પાટણ ના દંફર માલિકો અને કંબોઈ થી પાટણ

સુધી જે સ્ટોકો છે ,તે લોકો આ ચોરી કરી રહયા છે ,આ કૌભાંડ ની ઉચ્ચ કક્ષાએ થી ખાનગી તપાસ થાય તો મોટું કૌભાંડ પકડાય તેમ છે, અને બનાસકાંઠા જિલ્લા કલેકટર ઝીણવટ ભરી તપાસ કરેતો જ આ રોયલ્ટી કૌભાંડ કરતા ભેજા બાજો પકડાય તેમ છે.

અરવલ્લી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક કલેકટર નાગરાજન.એમની અધ્યક્ષતામાં મળી હતી.

સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં સાસંદ દિપસિંહ રાઠોડના રસ્તા અંગેના તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પરમારના જળ સંચય અભિયાન અંતર્ગત તળાવો ઉંડા કરાયેલ કામગીરી, ધોરણ ૧૦ અને ૧૨ના અનુસૂચિત જાતિના વિધાર્થીઓને જાતિ પ્રમાણપત્ર આપવા, તેમજ ધનસુરાના કરોલી ગામે જયોતિગ્રામ યોજના અંતર્ગત વીજ કનેકશન આપવા ઉપરાંત રડોદરા મંડળીને લગતા પ્રશ્નો રજૂ કર્યા હતા જયારે ભિલોડાના ધારાસભ્ય દ્વારા સબંધિત અમીકરણ ડૉ.અનિલભાઈ જોષીયારાએ વન અધિકાર આપવા, ગ્રામ પંચાયતના વિભાજન બાદ નવિન મકાન બનાવવા તેમજ પેરામેડિકલના વિધાર્થીઓને શિષ્યવૃતિ સહાયમાં પડતી મુશ્કેલી અંગેના પ્રશ્નો રજૂ કર્યા હતા. જયારે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખાણી પીણી બજારની વ્યવસ્થાની તપાસ કરવા, સોલાર પ્લાન્ટમાં સ્થાનિકોને રોજગારી આપવા તેમજ પ્રાથમિક શાળાના શિક્ષકોની બદલી અંગેના ધારાધોરણ અને પ્રવાસન સ્થળોનો વિકાસ કરવાના પ્રશ્નની ચર્ચા કરવામાં આવી હતી જેના નિરાકરણ માટે કલેકટર શ્રી અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

તેમજ બાકી પેશન કેસો, કર્મચારીઓના ખાનગી અહેવાલ, કચેરીઓનું નિરીક્ષણ ઓનલાઈન ફરિયાદોનો નિકાલ તેમજ મોડાસાની જીનીયસ સ્કૂલ ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી, ખેલ મહાકુંભમાં ભાગીદારીતા વધે તેમજ ૭૦માં વન મહોત્સવના ઉજવણી અંગે ચર્ચા કરવામાં આવી હતી

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ડૉ.હર્ષિત ગોસાવી,અધિક કલેકટર આર.જે.વલવી, સહિત પ્રાંત અધિકારીઓ અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

ધોરણ ૧૨ની પૂરક પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીઓ માટે સરસ્વતી કોલેજમાં પ્રવેશ મળશે

બનાસકાંઠા, તા. ૩૦

શ્રી રાજપૂત કેળવણી મંડળ સંચાલિત સરસ્વતી, આર્ટ્સ, કોમર્સ, સાયન્સ કોલેજનો આ વર્ષ જૂન-૨૦૧૯થી પ્રારંભ થયો છે. વડગામ-ખેરાલુ હાઈવે પર લીંબોઈ ગામ પાસે પ્રાકૃતિક વાતાવરણમાં કોલેજનું નવીન બિલ્ડિંગ કાર્યરત થતાં તેમાં આર્ટ્સ, કોમર્સ, સાયન્સ ફેકલ્ટીમાં પ્રવેશ ચાલુ છે. આ વર્ષે ધોરણ ૧૨ની પૂરક પરિક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીઓ માટે ખાસ પ્રવેશ આપવાનું નક્કી કરતાં પ્રવેશ મેળવવા ઇચ્છુક ઉમેદવારો ટ્રસ્ટના પ્રમુખશ્રી અને કોલેજ કેમ્પસ ખાતે સંપર્ક કરી પ્રવેશ મેળવી શકશે. પ્રમુખશ્રીનો મોબાઈલ નંબર ૯૪૨૬૩-૬૬૨૨૨ છે.

શામળાજી નજીક ડસ્ટર કારમાં અગમ્ય કારણોસર આગ લાગતા આગમા સ્વાહા

શામળાજી, તા. ૩૦

સોમવારે રાત્રીના ૧૦ વાગ્યાના સુમારે,અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર હિંમતનગર થી રાજસ્થાન તરફ જઈ રહેલ ડસ્ટર કારમાં શામળાજી નજીક અગમ્ય કારણોસર આગ લાગતા કારમાં સવાર ૫ લોકો રોડ પર ડસ્ટર ગાડી ઉભી રાખી સમય સુચકતા વાપરી ઉતરી જતા આબાદ બચાવ થયો હતો થોડીક જ મિનિટમાં ડસ્ટર કાર આગમાં ખાખ થઈ હતી સતત વાહનો થી ધમધમતા હાઈવે પર કારમાં આગ લાગતા ભારે અફરા તફરી મચી હતી આગ લાગતા ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતા દોડી આવેલી શામળાજી પોલીસે ટ્રાફિક પૂર્વરત કરાવ્યો હતો.

બાયડ બજારમાં ધોળે દહાડે જે.કે આંગડિયા પેઢીની ઓફિસમાં કર્મચારી પર ઘાતક હુમલો કરી ૩.૫૦ લાખની લૂંટ : લૂંટારુ ફરાર

બાયડ, તા. ૩૦

બાયડમાં એસબીઆઈ ના એટીએમ માંથી ૩૨.૮૧ લાખની લૂંટ સોમવારે પોલીસ પ્રાથમિક તપાસ કરી રહી હતી તેની થોડેક જ અંતરે મુખ્ય બજારમાં મેડા પર આવેલી જે.કે.આંગડિયા પેઢીમાં લૂંટારુઓ ઘસી જઈ ઓફિસમાં ફરજ બજાવતા સોમાભાઈ મણીભાઈ પટેલ પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ઓફિસમાં રહેલા ૩.૫૦ લાખ રૂપિયાની લૂંટની ઘટનાને વારદાત આપી લૂંટારુઓ ફરાર થઈ જતા ચકચાર મચી હતી બાયડ પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

તીક્ષ્ણ હથિયારના ઘા લૂંટારૂઓએ ઝીંકતા ફસડાઈ પડેલ કર્મચારીએ બુમાબુમ કરતા આજુબાજુમાંથી લોકો દોડી આવી લોહીલુહાણ હાલતમાં કર્મચારીને ઓફિસમાંથી નીચે ઉતારી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલસ મારફતે તાબડતોડ વાત્રક હોસ્પિટલ ખસેડાયો હતો

માથાના ભાગે ગંભીર ઈજાઓના પગલે અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાતા કર્મચારીની સ્થિતિ ગંભીર હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી

સોમવારે સાંજના ૪ વાગ્યાના સુમારે બાયડ બજારમાં મેડા પર આવેલી જે.કે.આંગડિયા પેઢીમાં અજાણ્યા શખ્શો ગ્રાહકના રૂપમાં પહોંચી ઓફિસમાં કામ કરતા સોમાભાઈ મણીભાઈ પટેલ (રહે,આંબલીયારા) પર તીક્ષ્ણ હથિયાર કે બોથડ પદાર્થના આડેધડ માથાના અને શરીરના ભાગે ઘા ઝીંકાતા સોમાભાઈ ફસડાઈ જતા ઓફિસમાં રહેલા ૩,૫૦,૦૦૦/- રૂપિયા ની લૂંટ કરી ઓફિસમાં લગાવેલ સીસીટીવી કેમેરાનું ડીવીઆર અને કર્મચારીના બે મોબાઈલની પણ લૂંટ કરી લૂંટારુઓ લૂંટારુ હવામાં ઓગળી ગયા હતા ધોળે દહાડે આંગડિયા પેઢીના કર્મચારી પર હુમલો કરી લૂંટી લેવાતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા

આંગડિયા પેઢીમાં લૂંટની ઘટનાના પગલે દોડી આવેલી બાયડ પોલીસ સીસીટીવી કેમેરાનું ડીવીઆર ની પણ લૂંટ થતા ઓફિસની આજુબાજુમાં આવેલી દુકાનો અને કોમ્પ્લેક્ષમાં લાગેલ સીસીટીવી કેમેરા ફંફોસવા ના શરુ કરી લૂંટારુને ઝડપી પાડવા મથામણ શરુ કરી હતી

બાયડ પોલીસે આંગડિયા પેઢીમાં ફરજ બજાવતા કર્મચારીના પુત્ર સંદીપભાઈ સોમાભાઈ પટેલ (રહે,આંબલીયારા) ની ફરિયાદના આધારે અજાણ્યા શખ્શ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

ભિલોડા બસ સ્ટેન્ડમાં પારાવાર સમસ્યાઓ : એસ.ટી પાસ કઢાવવા રઝળતા વિદ્યાર્થીઓ

ભીલોડા, તા. ૩૦

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં મુસાફરો માટે અદ્યતન સુવિધા યુક્ત ૨.૫૯ કરોડના ખર્ચે તાજેતરમાં નિર્માણ પામેલ એસ.ટી ડેપોમાં લોકસભાની ચૂંટણીઓ પહેલા મત મેળવવા સાંસદ દિપસિંહ રાઠોડ,જીલ્લાના ભાજપ પ્રમુખ,ભાજપ આગેવાનો અને હિંમતનગર ડિવિઝનના એસ.ટી વિભાગના ઉપાધ્યક્ષના વરદ્ હસ્તે લોકાર્પણ સમય કરતા દોઢ મહિના અગાઉ કરી દીધું હતું અને લોકાર્પણની તકતી ટીંગાળી દીધી હતી જે તે સમયે એસ.ટી.બસ સ્ટેન્ડ પરિસરમાં કેટલાક વિસ્તારમાં તળિયું અધૂરું છોડી દેતા પશુઓનો અડિંગો રહેતા મુસાફરોમાં તળિયું બનાવવાની માંગ પ્રબળ બની છે.અણઘડ આયોજન થી નવિન ડેપો કરોડો રૂપિયા ના ખર્ચે બનાવ્યો પરંતુ સમસ્યાઓ યથાવત રહેતા લાભ તો માત્ર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર અને વહીવટીદારોને થયો હોવાનું મુસાફરોમાં ચર્ચાઈ રહ્યું છે.અધિકારીઓને બેસવા માટે નવા બસ સ્ટેન્ડમાં નવી ખુરશીઓ અને ફર્નિચર પણ નથી ? જુનું જ ફર્નિચર યથાવત રાખ્યું છે.

૨.૫૯ કરોડના ખર્ચે નિર્માણ કરેલ ભિલોડા એસ.ટી ડેપોમાં બસ સ્ટેન્ડ પરિસરમાં નાખેલી મોંઘીદાટ અમુક લાઈટો નિર્માણકાર્ય સમયથી જ બંધ હોવા થી રાત્રીના સુમારે મુસાફરોમાં ભય રહે છે ત્યારે સતત મુસાફરોથી ધમધમતા એસ.ટી ડેપોમાં બેઠક માટે બેઠક વ્યવસ્થા પણ પૂરતા પ્રમાણમાં ન હોવાથી મુસાફરોને ઉભા રહેવાનો વારો આવે છે. પીવાના પાણીની વારંવાર સર્જાતી સમસ્યાથી મુસાફરો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.બસ સ્ટેન્ડ વિસ્તાર અને શૌચાલયમાં દેશી દારૂની પ્લાસ્ટિકની પોટલીઓ અને વિદેશી દારૂની બોટલો ઠેર ઠેર જોવા મળી રહી છે.દિવસ-રાત બસ સ્ટેન્ડમાં અસામાજિક તત્વોનો અડ્ડો બની રહેતા એસ.ટી બસની રાહ જોતા ઉભા રહેતા મહિલા મુસાફરો અને યુવતીઓ અસલામતી અનુભવી રહી છે. સત્તાધીશોને માત્ર નામની તકતીમાં જ રસ હોય તેમ પ્રજાના પૈસા ખર્ચ્યા પછી પણ કોન્ટ્રાક્ટરની મીલીભગત થી આજે પણ આ નવિન એસ.ટી સ્ટેન્ડ સાચા અર્થમાં મુસાફરો ને અર્પણ કરાયું કે કામ લાગતું ન હોવાનું મુસાફરો અહેસાસ અનુભવી રહ્યા છે.

ભિલોડા અત્યાધુનિક બસ ડેપોમાં એસ.ટી પાસ કઢાવવા માટે આવતા રોજીંદા મુસાફરો અને વિદ્યાર્થીઓ બી.એસ.એન.એલની કથડેલી કનેક્ટિવિટી વારંવાર ખોરવાતા ધરમધક્કા ખાઈ રહ્યા છે પાસ કાઢવામાં વારંવાર વિદ્યાર્થીઓને ધરઢ ધક્કા ખાવા પડતા હોવાથી નાણાંની સાથે સાથે મહામુલ્યવાન સમય અને અભ્યાસ પણ બગડી રહ્યો છે.

ભિલોડા તાલુકા મથક ખાતે નવિન એસ.ટી.બસ ડેપો તાજેતરમાં કરોડો રૂપિયા ખર્ચીને બનાવ્યો પરંતુ સમસ્યાઓ યથાવત રહેતા મુસાફરો ભારે નારાજગી જોવા મળે છે.ઠંડા પીવાના પાણીની પરબમાં માત્ર ત્રણ જ નળ હોવાથી મુસાફરો હજજારો મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે.કયારેક કયારેક તો પાણીની પરબ પાણીના અભાવે બંધ રહેતા મુસાફરો હેરાન પરેશાન થઈ રહ્યા હોય તેવી બુમરાણ છે. ભિલોડા એસ.ટી.બસ ડેપોમાં હાલના તબક્કે મોંઘવારીના જમાનામાં ખુબ જ ઉંચા ભાડા હોવાથી પાંચ સ્ટોલ અને કેન્ટીન શરૂઆત થી જ બંધ રહેતા મુસાફરો પરેશાન થઈ રહ્યા છે.

ભિલોડા એસ.ટી.બસ ડેપો આગળ ગેરકાયદેસર ના લારી ગલ્લાવાળાઓએ દબાણો વર્ષોથી કર્યા હોવાથી એસ.ટી.બસોના ડ્રાઈવરો ખુબ જ તકલીફ પડતી હોય છે ત્યારે સત્ધીશો ધ્વારા ગેરકાયદેસર દબાણો સત્વરે હટાવવામાં આવે તેવી પ્રબળ લોકોની માંગણી વર્ષોથી યથાવત છે પરંતુ ગેરકાયદેસર દબાણો કેમ હટાવતા નથી એ પ્રાણ પ્રશ્ન છે.